RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 06, Dt.15-4-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજાર ફરી ટનાટન દોડ્યું : તોફાની તેજી

## ટ્રમ્પ ટેરિફ મામલે નરમ પડતા શેરબજારમાં રોનકઃ સેન્સેક્સ ૧૭૦૦ તો નીફટી ૫૦૦ પોઈન્ટ અપ :રોકાણકારોએ ૧૦ સેકન્ડમાં ૫ લાખ કરોડની કમાણી કરીઃ HDFC સહિત દિગ્ગજ શેરો ઉછળ્યા

**મુખ્ય સમાચાર,મુંબઈ**

આજે શેરબજારમાં ફરી તેજી જોવા મળી છે ત્રણ દિવસ બંધ રહ્યા બાદ આજે સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં વધારો થયો છે. સેન્સેક્સ ૧૬૦૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે ૭૬,૮૫૨.૦૬ પોઈન્ટ પર ખુલ્યો. તે જ સમયે, નિફ્ટી પણ ઊંચો કૂદકો માર્યો અને ૫૦૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે ૨૩,૩૬૮.૩૫ પોઈન્ટ પર ખુલ્યો હતો.

બજારમાં તેજી સાથે રોકાણકારોની સંપત્તિમાં પણ ભારે વધારો થયો છે. બજાર ખુલતાની સાથે જ રોકાણકારોની સંપત્તિમાં ૫ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો. બજાર ખુલતાની સાથે જ BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪૦૭,૯૯,૬૩૫ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. શુક્રવારે તે ૪૦૨,૩૪,૯૬૬ કરોડ રૂપિયા હતું. આ રીતે, રોકાણકારોની સંપત્તિમાં ૧૦ સેકન્ડમાં ૫૬૪,૬૬૯ કરોડ રૂપિયાનો વધારો થયો ૧૦ વાગ્યે આ લખાયો છે ત્યારે સેનસેકસ ૧૬૩૬ પોઈન્ટ વધીને ૭૬૭૯૩ તો નીફટી ૪૯૫ વધીને ૨૩૩૨૩ ઉપર છે.

શુક્રવારે પણ બજાર વધારા સાથે બંધ થયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૧,૩૧૦ પોઈન્ટના વધારા સાથે ૭૫,૧૫૭ પર બંધ થયો હતો અને નિફ્ટી ૪૨૯ પોઈન્ટના વધારા સાથે ૨૨,૮૨૮ પર બંધ થયો હતો. શેરબજારમાં તેજીનું કારણ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ એટલે કે ટેક્સને ૯૦ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્ણય માનવામાં આવે છે. ૨ એપ્રિલના રોજ, ટ્રમ્પે અમેરિકામાં માલ નિકાસ કરતા લગભગ ૬૦ દેશો પર ટેરિફ લાદ્યા.

શુક્રવારે ઓટો અને ફાર્મા શેરોએ બજારની તેજીનું નેતળત્વ કર્યું. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ ૨.૦૩ ટકાના વધારા સાથે અને નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ ૨.૪૩ ટકાના વધારા સાથે બંધ થયો. આ ઉપરાંત, ડ્જ્ઞ્ બેંક, ફાઈનાન્શિયલ સર્વિસીસ, મેટલ, એનર્જી અને મીડિયા સહિત તમામ સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા. સોમવારે ડો. ભીમરાવ આંબેડકર જયંતિ નિમિત્તે ભારતીય શેરબજાર બંધ રહ્યું.



આ ઉછાળો શા માટે આવ્યો?

વિશ્વભરના બજારોમાં તેજી અને વેપાર તણાવ ઓછો થવાની આશાને કારણે શેરબજારમાં તેજી જોવા મળી છે. યુએસ સરકારે કેટલાક સંકેતો આપ્યા છે જે દર્શાવે છે કે તે ટેરિફમાં થોડી રાહત આપી શકે છે. ખાસ કરીને સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સના ક્ષેત્રમાં. તે જ સમયે, રોકાણકારોને લાગે છે કે આ ચીન સાથેના મોટા વેપાર કરાર તરફ એક પગલું હોઈ શકે છે.

વિશ્વ બજારમાં અસર જોવા મળી

ટ્રમ્પના આ નિર્ણયોની અસર વિશ્વભરના શેરબજારો પર જોવા મળી. સોમવારે એશિયા, યુરોપ અને અમેરિકાના બજારો વધારા સાથે બંધ થયા. મોટી યુએસ ટેક કંપનીઓના શેરમાં પ્રી-માર્કેટ ટ્રેડિંગમાં ૬ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો.

એશિયન બજારોની વાત કરીએ તો, મોટાભાગના બજારો તેજીવાળા હતા. તાઈવાનનો ભારિત સૂચકાંક ૧.૬ ટકાથી વધુ વધ્યો. દક્ષિણ કોરિયાના KOSPI ૦.૭૯ ટકા, જાપાનના ગશસસયશ ૨૨૫ ૦.૮૮ ટકા અને હોંગકોંગના Hang Seng ઈન્ડેક્સમાં ૦.૦૭ ટકાનો વધારો થયો હતો.

SIP એ પણ ટેકો પૂરો પાડ્યો

ભારતીય રોકાણકારોનો બજારમાં વિશ્વાસ હજુ પણ જળવાઈ રહ્યો છે. માર્ચમાં તરલતાની તંગી હોવા છતાં, ભારતીય SIP રોકાણકારોએ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રૂ. ૨૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. આનાથી બજારને ઘણો ટેકો મળ્યો છે. ૧૧ એપ્રિલના રોજ અગાઉના સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો એ ૨,૫૧૯ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા હતા. તે જ સમયે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો ૩,૭૫૯ કરોડ રૂપિયાનું રોકાણ કરીને ચોખ્ખા ખરીદદાર રહ્યા હતા.

# રોબર્ટ વાડ્રા ફરી એક વખત ઈ.ડી.ના રડાર પર

- ૧૭ વર્ષ જૂના જમીન સોદામાં રોબર્ટ વાડ્રા ફરી ED સમક્ષ હાજર



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગાંધી કુટુંબના જમાઈ રોબર્ટ વાડ્રા ફરી એક વખત ઈ.ડી.ના રડાર પર છે. પ્રિયંકા ગાંધીના પતિ- રોબર્ય વાડ્રાને ઈડીએ હરિયાણાના (શખોપુર) જમીન પ્રકરણમાં મની લોન્ડ્રીંગ અંગેની તપાસમાં આ સમન્સ પાઠવતા જ આજે તેઓ દિલ્હીમાં ઈડી સમક્ષ હાજર થઈ ગયા છે અને તેમની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

વાડ્રાને અગાઉ તા.૮ એપ્રિલના હાજર થવા સમન્સ અપાયુ હતુ પણ તેઓ હાજર થવા વધુ એક તક અપાઈ છે. વાડ્રાની કંપની સ્કાય લાઈટ હોસ્પીટાલીટી એ ગુરૂગ્રામમાં ઓમકારેશ્વર પ્રોપર્ટી પાસેથી ૨૦૦૮માં ૭.૫ કરોડમાં જે જમીન ખરીદી હતી.

બાદમાં તે જ જમીન રીયલ એસ્ટેટથી દેશની સૌથી મોટી કંપની ડીએલએફને રૂા.૫૮ કરોડમાં વેચી હતી. તેમાં મની લોન્ડ્રીંગ થયુ હોવાનું એન્ફોર્સમેન્ટ વિભાગ માને છે અને વાડ્રાને તેમાં આ જંગી નફો થયો તેને પણ શંકાના ઘેરાવામાં લેવાયો છે.

વાડ્રાને હવે પુછપરછ માટે હાજર થવુ પડશે. ૧૭ વર્ષ જૂના આ કેસમાં ઈડીની તપાસમાં ભૂતકાળમાં તેઓ હાજર થયા હતા પણ ફરી લાંબાગાળામાં તપાસમાં પણ પ્રશ્નો સર્જયા છે.

# સુરતના કાપોદ્રા વિસ્તારમાં ભારેલો અગ્નિ

## એકના એક દીકરાની નશેડીએ હત્યા કરતા આક્રોશ, આરોપીને ફાંસી...ફાંસી...ના સૂત્રોચ્ચાર કર્યા, પિતાની હાથ જોડી ન્યાયની માંગ

**મુખ્ય સમાચાર,સુરત**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગુંડારાજ, અસામાજિક તત્ત્વો અને નશેડી રાજ વધી ગયું છે. ગૃહ રાજ્યમંત્રીના શહેરમાં જ કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ હોવાની નાગરિકોની ફરિયાદો છે. સુરતના કાપોદ્રામાં નશો કરવા માટે રૂપિયા આપવાની ના પાડતાં ૧૭ વર્ષીય સગીરની ચપ્પાના ઘારી મારીને હત્યા કરી દેવામાં આવતાં ભારે આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટનાના પડઘા એટલા ઉગ્ર પડ્યા છે કે, યુવકની હત્યાના બાદ મહિલાઓએ રણચંડી બનીને પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. આ મહિલાઓએ કાપોદ્રા જ નહીં, સમગ્ર સુરતમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવાની તેમજ હત્યારાને ફાંસી આપવાની માગ કરી હતી. ૪૦૦-૫૦૦ મહિલાના ટોળાએ કાપોદ્રા પોલીસ સ્ટેશને હલ્લાબોલ કરતાં માહોલ તંગ બની ગયો હતો. આ મામલે ડી.સી.પી. આલોક કુમારે જણાવ્યું હતું કે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવીને ૧૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરાશે.

સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા અરવિંદભાઈ વાઘેલા મૂળ અમરેલીના માલસીકાના વતની છે. તેઓ પોતાના પરિવાર સાથે સુરતમાં રહે છે અને ફ્રૂટની લારી ચલાવી ગુજરાત ચલાવે છે. તેમનો એકનો એક પુત્ર પરેશ હીરાના કારખાનામાં કામ કરીને પરિવારને આર્થિક મદદ કરતો હતો. ત્યારે સોમવારે રાત્રે પરેશ કારખાનેથી ઘરે પરત ફરી રહ્યો હતો તે દરમિયાન પ્રભુ શેટ્ટી (ઉં. ૨૫, રહે. લક્ષ્મણ નગર સોસાયટી, કાપોદ્રા)એ નશો કરવા માટે પૈસા માંગ્યા હતા. પરેશ કહ્યું હતું કે મારી પાસે માત્ર ભાડાના ૧૦ રૂપિયા જ છે. આ વાત સાંભળતા જ પ્રભુએ તેની સાથે માથાકૂટ કરી પેટમાં ચપ્પુ ભોંકી દીધું હતું. આ હુમલા બાદ પરેશને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક તેને સારવાર અર્થે ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. એટલું જ નહીં, આરોપી પ્રભુએ પરેશને ચપ્પાના ઘા માર્યા બાદ આગળ જઈને રીક્ષાચાલક સાથે માથાકૂટ કરી તેને પણ ચપ્પાના ઘા માર્યા હતા. હાલ આ રીક્ષાચાલક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના બાદ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને લોકોએ પોલીસ મથકનો ઘેરાવો કર્યો હતો. ૫૦૦થી વધુ લોકોનું ટોળું પોલીસ સ્ટેશને પહોંચી ગયું હતું અને ન્યાયની માંગણી સાથે નારેબાજી કરી હતી. પરિસ્થિતિ વણસે તે પહેલાં પોલીસે સ્ટેશનના દરવાજાને લોક મારી દીધું હતું અને ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓએ દોડી આવ્યા હતા. અધિકારીઓએ કડક કાર્યવાહીની સાંત્વના આપી અને સમજાવટ બાદ મોડી રાત્રે સમગ્ર મામલો થાળે પડ્યો હતો.




# લખનૌની હોસ્પિટલમાં આગ : ૨૦૦ દર્દીઓનું રેસ્કયુ : ૧નું મોત

**મુખ્ય સમાચાર,લખનૌ**

લખનૌની લોકબંધુ હોસ્પિટલમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. આગ બાદ ૨૦૦ દર્દીઓને અલગ અલગ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા અને આ દરમિયાન ઓક્સિજન સપ્લાય બંધ થવાને કારણે એક વળદ્ધ દર્દીનું મળત્યુ થયું હતું. ગઈકાલે રાત્રે હોસ્પિટલમાં આગ લાગી હતી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ હતી; આગ પાછળનું કારણ જાણી શકાયું નથી. ફાયર બ્રિગેડની ઘણી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને દર્દીઓને વોર્ડમાંથી બહાર કાઢવામાં આવ્યા. આગને કારણે હોસ્પિટલની આખી ગેલેરી ધુમાડાથી ભરાઈ ગઈ હતી. લોકબંધુ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. અજય શંકર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે સોમવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. અત્યાર સુધીની તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

આ આગની ઘટનામાં ૬૧ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. પરિવારના સભ્યોનો આરોપ છે કે વીજળી ગુલ થયા પછી ઓક્સિજન સપ્લાય બંધ થઈ ગયો હતો, જેના કારણે તેનું મળત્યુ થયું હતું. ગઈકાલે રાત્રે લોકબંધુ હોસ્પિટલના બીજા માળે આગ લાગી હતી. બધા ૨૦૦ દર્દીઓને સમયસર બહાર કાઢવામાં આવ્યા... હોસ્પિટલમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. દર્દીઓને બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આગની માહિતી મળતા જ ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક ઘટનાસ્થળે પહોંચ્યા, મુખ્યમંત્રી યોગીએ અધિકારીઓ પાસેથી ઘટનાની માહિતી લીધી.

ઘટનાની માહિતી મળતા જ નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક ઘટનાસ્થળે પહોંચી ગયા. બ્રજેશ પાઠકે જણાવ્યું હતું કે દર્દીઓને ઊંત્રક્ષ્રખઞ, બલરામપુર અને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે, ગંભીર દર્દીઓને ઊંત્રક્ષ્રખઞના ત્ઙ્મમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના લોકોને સિવિલ અને બલરામપુરમાં દાખલ કરવામાં આવ્યા છે. આગને કારણે વીજળી ગુલ થઈ ગઈ હતી. જનરેટરનો ઉપયોગ કરીને અગ્નિશામક અને લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.



ડીસીપી સાઉથ નિપુણ અગ્રવાલે જણાવ્યું હતું કે કળષ્ણા નગર પોલીસ સ્ટેશનને માહિતી મળી હતી કે લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગી છે. માહિતી મળતા જ ફાયર બ્રિગેડ અને સિવિલ પોલીસ પૂરતી સંખ્યામાં પહોંચી ગયા. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. હોસ્પિટલમાં દાખલ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે અને સારવાર માટે હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા છે. આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. હોસ્પિટલના સ્ટાફે સીએમએસ અને અન્ય અધિકારીઓને આગ વિશે જાણ કરી. આ પછી ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી. બધે ચીસો અને બૂમો પડી રહી હતી.

# ભારતમાંથી જેમ્સ –જવેલરી નિકાસમાં ૧૧.૭૨ ટકાનો ઘટાડો નોંધાયો

- ગત નાણાકીય વર્ષમાં ભારતની જેમ્સ–જવેલરી નિકાસ ૨૮.૫ અબજ ડોલરની થઈ હતી



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


અમેરિકાનાં ટેરિફવોર સહિતના વૈશ્વિક ઘટનાક્રમોથી કોમોડીટી સહિતના ક્ષેત્રોમાં ઉથલપાથલ મચી છે ત્યારે ભારતમાંથી જેમ્બ-જવેલરી નિકાસમાં ૧૧.૭૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૪-૨૫ માં ભારતની જેમ્સ-જવેલરી નિકાસ ૨૮.૫ અબજ ડોલરની થઈ હતી જે આગફલા વર્ષમાં ૩૨.૨૮ અબજ ડોલરની હતી. અમેરિકા તથા ચીનની નબળી ડીમાંડ વૈશ્વિક સ્તરે ચાલતા એકથી વધુ યુદ્ધ, રશીયન હીરા પર પ્રતિબંધો, લેબ ગોન હીરાની સ્પર્ધા સહિતનાં કારણોથી ભારતની જેમ્સ-જવેલરી નિકાસને ફટકો પડી રહ્યો છે. જોકે રફ તથા પોલશ્ડ ડાયમંડનાં ભાવમાં બે વર્ષ બાદ સ્થિરતા આવવા લાગતા રાહત થઈ છે.અમેરીકા દ્વારા હેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કર્યાના ૧૦ દિવસ અગાઉ ભારતીય નિકાસકારોએ એક અબજની જવેલરી નિકાસ કરી નાખી હતી. નિકાસ વૃધ્ધિની દિશામાં સૂચક છે.નિકાસની જેમ આયાતમાં પણ ૧૧.૯૬ ટકાનો ઘટાડો છે. ભારતમાં ૨૦૨૪-૨૫ માં જવેલરી આયાત ૧૯.૬ અબજ ડોલરની રહી હતી. જે ગલા વર્ષે ૨૨.૨ અબજ ડોલરની હતી. જાણકારોએ કહયું કે છેલ્લા ત્રણેક મહિનાથી પરિસ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. માર્ચ મહિનામાં ભારતની જેમ્સ-જવેલરી નિકાસ ૨.૫ અબજ ડોલરના સ્તરે પહોંચી હતી. તે ૧.૦૨ ટકાનો વધારો સુચવે છે. ભારતીય નિકાસમાં કટ અને પોલીશ્ડ હિરાનો સિંહફાળો છે. જે ૨૦૨૪-૨૫ માં ૧૩.૨ અબજ ડોલરની હતી.

# વિશ્વના વાયુ અને ધ્વની પ્રદુષણમાં ભારતના ૭૪ શહેરોનો સમાવેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં પ્રદુષણની સમસ્યામાં દિલ્હી એ અનેક વખત ગેસ ચેમ્બર બની ગયું હોવાના અહેવાલો આપે છે. વાયુ પ્રદુષણની ચિંતા સૌથી વધુ કરીએ છીએ પણ વિશ્વના ટોચના ૧૦૦ શહેરોમાં વાયુ અને ધ્વની પ્રદુષણમાં ભારતના ૭૪ શહેરોનો સમાવેશ થાય છે છતા પણ તેના પર ભાગ્યે જ કોઈ ચિંતા થાય છે. હવામાં પ્રદુષણ અને ટ્રાન્સપોર્ટેશનનાં જે અવાજો છે તેના કારણે બ્રેઈન સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. હવાના પ્રદુષણના કારણે બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૯% અને અવાજના પ્રદુષણના કારણે આ ખતરો ૬% સુધી વધી જાય છે. આ બન્ને સમસ્યાઓ ગંભીર છે. હવાના પ્રદુષણ અને ટ્રાફિકના અવાજનુ પ્રદુષણ બન્નેનો સાથે ભારતીયો સામનો કરે છે. સ્વીડનની કરોલિસ્કા ઈન્સ્ટીટયુટના વાતાવરણ-પ્રદુષણ મેડીસીન સંસ્થાનું આ તારણ છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓએ યુરોપીયન સંઘ અને વિશ્વ વ્યાપાર સંગઠનના માપદંડોના આધારે આ તારણ આપ્યુ છે.

જેમાં ભારત સહિતના દેશોમાં થયેલા અભ્યાસ મુજબ પ્રદુષણના પી.એમ. ૨.૫ના રજકણોની પ્રતિ ઘનમીટર માત્રા ૫ માઈક્રોગ્રામથી વધુ હોય તો તેમાં બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૯% વધી જાય છે. આ જ રીતે ટ્રાફીક- ટ્રાન્સપોર્ટના અવાજોથી થતુ પ્રદુષણ ૧૧ ડેસીબલથી વધુ હોય તો બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૬% વધી જાય છે. ભારતમાં અનેક શહેરોમાં અવાજના પ્રદુષણની સમસ્યા વિશ્વમાં સૌથી વધુ છે અને તે ૪૦ ડેસીબલ સુધી પહોંચી જાય છે. ભારત સહિતના દેશો જયાં આ બન્ને પ્રકારના પ્રદુષણની માત્રા સૌથી વધુ જોવા મળે છે અને ભાગ્યે જ તેનો કોઈ ઉપાય જોવા મળે છે. વધતા ટ્રાફિક અને તેના કારણે હવામાં જે પ્રદુષણ છે તે પણ વધતુ જાય છે. ખાસ કરીને હૈદરાબાદ, બેંગ્લોર જેવા મોટા મેટ્રો જયાં ઔદ્યોગીક પ્રવૃતિ પણ વધુ છે ત્યાં પ્રદુષણની માત્રા તેની તમામ મર્યાદાને ઓળંગી જાય છે. જર્નલ નેચર કોમ્યુનીકેશનના પ્રકાશિત એક અન્ય લેખમાં જણાવ્યું છે કે હવાના અને અવાજના બન્ને પ્રકારના પ્રદુષણમાં જયારે તે શરીરની અંદર જાય છે તો તે વ્યક્તિની વિચારવાની અને કેન્દ્રીત થવાની ક્ષમતાને પણ અસર કરે છે અને તેના કારણે તેનો ગુસ્સો વધી જાય છે. તાત્કાલિક કોઈ રીએકશન આપે છે જે તેના માટે નુકશાનકારક બને છે.



# સૌ માટે પેન્શન યોજના આ વર્ષનાં અંત સુધીમાં લાગુ થવાની સંભાવના

## ન્યુનતમ યોગદાન સિવાય વધારાની બચતની રકમને પણ પેન્શન ખાતામાં નાખી શકાશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બધાને માટે પેન્શન યોજના આ વર્ષનાં અંત સુધીમાં લાગુ થવાની સંભાવના છે. પેન્શન સાથે જોડાયેલી પ્રક્રિયા પર કેન્દ્રીય શ્રમ તેમજ રોજગાર મંત્રાલય કામ કરી રહ્યું છે. આગામી કેટલાંક મહિનામાં પ્રક્રિયાને નિર્ધારીત કરી લેવામાં આવશે. ત્યારબાદ કેબિનેટની મંજુરી માટે મોકલવામાં આવશે.

જાણવા મળતી વિગત મુજબ કેન્દ્ર સરકાર જે સમાન પેન્શન સ્કીમ લાવી રહી છે તેમાં યોગદાન કરનાર વધુ યોગદાન પણ કરી શકશે. તેમાં અસંગઠીત ક્ષેત્રના લોકોને પણ સામેલ કરવામાં આવશે.

સુત્રોનું કહેવુ છે કે તેમાં ન્યુનતમ યોગદાન સિવાય વધારાની બચતની વધારાની રકમને પણ પેન્શન ખાતામાં નાખી શકાશે તેના હિસાબે સેવા નિવૃત બાદ પેન્શન મળશે.

દાખલા તરીકે એક શ્રમિક દર મહિને પેન્શન ખાતામાં ત્રણ હજાર રૂપિયાનું યોગદાન કરે છે અને વચમાં તેની પાસે ૩૦ કે ૫૦ હજાર રૂપિયાની વ્યવસ્થા છે તો તે રકમને પણ યોગદાન તરીકે જમા કરાવી શકશે.

આ ઉપરાંત પેન્શન શરૂ કરવા સંબંધિત સમયગાળો પણ પસંદ કરવાનો વિકલ્પ મળશે. જેમ કે હાલ ૫૮ વર્ષ છે તો યોગદાન કરનાર તેને ૬૦ વર્ષની વયે પણ શરૂ કરી શકે છે. સરકારની કોશીશ છે કે પેન્શન યોજનાનો લાભ દરેક વ્યકિતને મળી શકે તેના માટે રોજગારનું બંધન પણ નહિં રહે.એટલે કે જો કોઈ પોતાની દુકાન ચલાવે છે તો તે પોતાની બચતની કેટલીક રકમ પેન્શન તરીકે ભવિષ્ય માટે સુરક્ષીત કરવા માગે છે તો તે પણ યોજના સાથે જોડાઈ શકે છે.




યોજના સાથે જોડાવવાની ન્યુનતમ વય સીમા ૧૮ વર્ષની છે તેના પછી પણ કોઈપણ વ્યકિત તેમાં યોગદાન આપવુ શરૂ કરી શકે છે. શ્રમ મંત્રાલય વિશેષજ્ઞો અને તમામ અસંગઠીત ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના અભિપ્રાય લઈ રહ્યા છે. અનુમાન છે કે વર્ષ ૨૦૩૬ સુધીમાં દેશમાં કુલ વરિષ્ઠોની સંખ્યા ૨૨ કરોડથી વધુ હશે.

# આઠ સ્થળોએ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન

■ સૌથી વધુ અમદાવાદમાં ૪૨.૯, રાજકોટ અને ભાવનગરમાં ૪૨.૨ ડિગ્રી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી સાથે હાઈએસ્ટ અને રાજકોટ અને ભાવનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. બન્ને સ્થળોએ ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જયારે વડોદરામાં ૪૦.૮, ભુજમાં ૪૦.૮, ડિસામાં ૪૧.૧, ગાંધીનગરમાં ૪૨.૫, તથા સુરતમાં ૪૦.૧ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું. જામનગરમ ઉનાળામાં મિશ્ર માહોલ વચ્ચે સવારે શિયાળો હોય તેમ ઠારના કારણે વાતાવરણમાં ઠંડક પથ્રી જાય છે અને મધ્યાહન થતાની સાથે જ સૂર્યનારાયણ અસ્સલ મિજાજમાં આવી જાય છે.

ત્યારે આજે મહતમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રી વધીને ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને પ્રતિકલાક ૧૨.૭ કિમિ ઝડપેપવન ફૂંકાય છે.

# જામનગર રહેણાક મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લા માથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા અંગે સુચના કરેલ હોય, જેથી એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.સ.ઈ. પી.એન.મોરી તથા.પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર.ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહી જુગારના કેશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના અરજણભાઈ કોડીયાતર તથા મયુદિનભાઈ સૈયદ તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા સુમીતભાઈ શિયારને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર શહેરમા મહાદેવનગર સાતનાલા પાસે પિયુષ સ.ઓ ગોવિંદભાઈ પરબતભાઈ ડેર આહીર ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે.યાદવનગર ભકિતનગર કિસ્મત પાનની બાજુમા જામનગર વાળાના કબ્જાના રહેણાક મકાનમાથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૪૯૨ કિ.રૂ.૩,૪૧,૦૬૪.તથા એક મોબાઈલ ફોન કિ.રૂ.૫૦૦૦મળી કુલ કિ.રૂ.૩,૪૬,૦૬૪ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી મજકુર ઈસમ વિરૂધ્ધ દિલીપભાઈ તલાવડીયા ફરીયાદ રીપોર્ટ આપતા પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.આ દારૂનો જથ્થો પોતે દિલ્હીથી લઈ આવેલ નુ જણાવેલ છે તેમજ મજકુર મયુર કરશનભાઈ ભાટીયા રહે.પકડાયેલ આરોપી સાથે દારૂ નુ વેચનાર. જીવાભાઈ ગઢવી રહે.મહાદેવનગર દારૂનો જથ્થો રાખવા માટે મકાન આપનાર. રણજીતસિંહ પ્રભાતસિંહ સોઢા રહે.મહાદેવનગર.દારૂનો જથ્થો રાખવા માટે મકાન



આપનાર લાખાભાઈ દલુભાઈ ગઢવી રહે.મહાદેવનગર.દારૂના જથ્થાનુ વેચાણ કરાવનારને પકડવાની કાર્યવાહી ચાલુ છે.આ કાર્યવાહી પો.ઈન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ.પી.એન.મોરી તથા પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઈ પરમાર, ભરતભાઈ ડાંગર, ધનશ્યામભાઈ ડેરવાળીયા, સુમીતભાઈ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઈ માલકીયા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઈ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગરમાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો દ્વારા ભારતરત્ન ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ



જામનગરના લાલ બંગલા વિસ્તારમાં આવેલી તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જામનગરના શહેર તથા જિલ્લા ભાજપના આગેવાનોમાં મેયર વિનોદ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને રિવાબા જાડેજા, શહેર ભાજપના અધ્યક્ષા બીનાબેન કોઠારી, જિલ્લા ભાજપના પ્રમુખ ડો. વિનોદ ભંડેરી, વિજય પરમાર.સામત પરમાર વગેરે જોડાયા હતાં. આ ઉપરાંત કોંગ્રેસ દ્વારા પણ ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જેમાં પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, અન્ય અગ્રણીઓ, આનંદ રાઠોડ અને આનંદ ગોહિલ, કોર્પોરિટર જેનબબેન ખફી, વગેરે જોડાયા હતાં.

# ઢાંકમાં આયુષ્માન આરોગ્ય શિબિરનું આયોજનઃ ગ્રામજનોની આરોગ્યની તપાસ કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત સરકાર દ્વારા શરૂ કરવા માં આવેલ આયુષ્માન આરોગ્ય મંદિર જેના આજે સાત વર્ષ પૂર્ણ થયા જેની વર્ષગાંઠ ની ઉજવણી નિમિત્તે આયુષ્માન આરોગ્ય મંદિર ઢાંક દ્વારા આયુષ્માન આરોગ્ય શિવિર ની ઉજવણી કરવા માં આવેલ, જેમાં તમામ સ્ટાફ સી. એચ. ઓ . ચંદ્રેશ નકુમ, એફ. એચ. ડબ્લ્યુ. મીના બેન અસારી, સીમાબેન ગાગીયા, આશા બહેનો હંસા બેન મહાવદીયા( ફેસિલિટર), ગીતા બેન લુણાસિયા, સાયરાબેન ઘુમલિયા, ઈલાબેન ગોસ્વામી દ્વારા ગ્રામજનો નું બીપી, ડાયાબિટીસ તેમજ મોઢા ના કેન્સર ની તપાસ કરેલ. આ ઉપરાંત માતા અને બાળ સેવા અતર્ગત એ. એન. સી, પી. એન. સી. અને બાળ આરોગ્ય તપાસ કરેલ. કિશોર કિશોરી આરોગ્ય કાર્યક્રમ અતર્ગત કિશોર કિશોરી ના લોહી ની તપાસ કરેલ. તેમજ ાળષફુ કાર્ડ ,



આભા કાર્ડ કાઢી આપવામાં આવેલા હતા. તેમજ જરૂરી દવા નું વિતરણ કરવા માં આવેલ. હાલ માં ચાલી રહેલ ટીબી કાર્યક્રમ અતર્ગત ટીબી માટે ના સેમ્પલ કલેક્શન, આરોગ્ય શિક્ષણ તેમજ હીટ વેવ થી બચવા ના ઉપાયો નું માર્ગદર્શન અને ઓ. આર. એસ. નું દ્રાવણ બનાવી લોકો ને પીવડાવવા માં આવેલ. આ કેમ્પ માં ૨૩બીપી અને ડાયાબિટીસ ના દર્દી, ૩૫ જેટલા ૩૦+ વધુ ઉંમર ના લોકો નું સ્ક્રીનિંગ, ૧૨ કિશોર કિશોરી ના લોહી ની તપાસ તેમજ ૨૦ જેટલી માતાઓ ને સેવા આપવામાં આવી હતી.

# મોરબીમાં ઘર પાસે કાર પાર્ક કરવાનીના પાડતા વૃદ્ધને હોકી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપનાર વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં પાપાજી ફનવર્લ્ડ પાછળ આવેલ તુલસી પાર્ક સોસાયટીમાં ઘર પાસે કાર પાર્ક કરવાની ના પાડવાના વિવાદમાં વૃદ્ધના ઘર પાસે હોકી લઈને આવી, બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.સમગ્ર બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી શનાળા બાયપાસ રોડ પાપાજી ફન વર્લ્ડ પાછળ તુલસી-પાર્ક સોસાયટીમાં રહેતા જીવરાજભાઈ લાલજીભાઈ પનારા ઉવ.૭૦એ ગઈ તા.૦૬/૦૩ના રોજ પોતાના ઘરે હોય ત્યારે ઘર પાસે બાજુ ની શેરીવાળાએ ફોરવ્હીલ પાર્ક કરેલ હોય, જેથી જીવરાજભાઈએ તેઓને ઘર પાસે કાર પાર્ક કરવાની ના પાડી હતી, જે બાબતનો ખાર રાખી, તા.૦૭/૦૩ના રોજ વૃદ્ધ પોતાના ઘરે હોય ત્યારે આરોપી અશોક ઉર્ફે મુન્નો દેવાણંદભાઈ જીલરીયા રહે. શનાળા બાયપાસ, પાપાજી ફન વર્લ્ડ પાછળ મૂળ રહે.રાજપર વાળો જીવરાજભાઈના ઘર પાસે આવી કહેવા લાગ્યો કે પઘર પાસે કાર પાર્ક કરવાની કેમ ના પાડો છો ?, શેરી તમારા બાપની છે?થ જે બાદ એકદમ ઉશ્કેરાઈ આરોપી અશોક ઉર્ફે મુન્નો હોકી લઈને આવી, વૃદ્ધને બેફામ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ એ ડિવિઝન પોલીસે સમગ્ર બનાવ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં આગામી ૨૯ એપ્રિલના રોજ ભવ્યરૂપે ઉજવાશે ભગવાન પરશુરામદાદાનો જન્મોત્સવ

## પરશુરામ યુવા ગ્રૂપ મોરબી દ્વારા શોભાયાત્રાનું આયોજન, ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવાશે દાદાનો પાવન દિવસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શ્રી પરશુરામ યુવા ગ્રૂપ દ્વારા તારીખ ૨૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા સાંજે ૪:૦૦ વાગ્યે ગાયત્રી મંદિર, વાઘપરા-૧૪ થી પ્રારંભ થઈ પરશુરામ ધામ, નવલખી રોડ મોરબી ખાતે પૂર્ણ થશે.

શ્રી પરશુરામ યુવા ગ્રૂપ, મોરબી દ્વારા ભક્તિ અને ઉત્સાહથી ભરેલ એક વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા ભગવાન પરશુરામના અવતરણદિનની ઉજવણી તરીકે યોજાઈ રહી છે. શોભાયાત્રા તારીખ ૨૯/૦૪/૨૦૨૫, મંગળવારના રોજ સાંજે ૪ વાગ્યે ગાયત્રી મંદિર, વાઘપરા-૧૪ થી શરૂ થઈને પરશુરામ ધામ, નવલખી રોડ સુધી યોજાશે. આ ભક્તિમય યાત્રામાં વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સભ્યો તેમજ હરિભક્તો જોડાવાના છે. કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



ભગવાન પરશુરામદાદાના જન્મોત્સવની ભવ્ય ઉજવણીના આયોજનનું નેતૃત્વ શ્રી પરશુરામ યુવા ગ્રુપના પ્રમુખ જયદીપભાઈ મહેતા (મો. ૯૭૨૭૭ ૧૬૧૭૬) તેમજ મહામંત્રીઓ ઋષિભાઈ મહેતા (મો. ૭૪૦૫૪ ૦૦૯૯૯), હાર્દિકભાઈ ભટ્ટ (મો. ૯૬૩૮૮ ૧૯૫૫૫) અને ધ્વનિતભાઈ દવે (મો. ૯૯૨૫૬ ૮૮૧૮૮) દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ અવસરે તમામ બ્રહ્મ બંધુઓને તથા ભક્તોને આ પાવન અવસરે ઉમંગપૂર્વક હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ભવ્ય ઉજવણી

## સંવિધાનને પહેલીવાર હાથીની અંબાડીમાં બિરાજમાન કરીને ભવ્ય શોભાયાત્રા નિકળી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. રેલવે સ્ટેશનથી શરૂ થયેલી શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી મહાનગરપાલિકા ખાતે તેમનાં સ્ટેચ્યૂ પાસે ફૂલહાર સાથે પૂર્ણ થઈ હતી. હાથીની અંબાડીમાં સંવિધાનને બિરાજમાન કરીને નીકળેલી આ શોભાયાત્રા ખાસ આકર્ષણનું કેન્દ્ર રહી હતી.

ભારતના બંધારણના શિલ્પી તરીકે ઓળખાતા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે મોરબીમાં આજે વિશાળ જનમેદની વચ્ચે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ



વર્ષે પણ ડો. બાબાસાહેબ જન્મજયંતી મહાઉત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રા યોજાઈ હતી, જે સવારે રેલવે સ્ટેશનથી શરૂ થઈ હતી. શોભાયાત્રા મોરબી શહેરના સુપર ટોકિઝ, ત્રિકોણબાગ, નહેરુ ગેઈટ જેવા મુખ્ય માર્ગો પર પસાર થઈ, જેમાં હજારો લોકો જોડાયા હતા. જે બાદ મહાનગરપાલિકા ખાતે આવેલા ડો. આંબેડકરના સ્ટેચ્યુ સુધી પહોચી હતી, જ્યાં ફૂલહાર કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ શોભાયાત્રામાં સંવિધાનને પહેલીવાર હાથીની અંબાડીમાં બિરાજમાન કરવામાં આવી હતી. સાથે સાથે અનેક સુંદર રીતે શણગારેલા ફ્લોટ્સનો પણ શોભાયાત્રામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ડો. આંબેડકરના જીવન અને વિચારધારાનું પ્રતિક દર્શાવવામાં આવ્યું હતું. આ સાથે ડીઝે મ્યુઝિક અને ઢોલના તાલે લોકો જય ભીમના નારા લગાવી ઝૂમી ઉઠ્યા હતા. શોભાયાત્રા બાદ મોરબીના સામાકાંઠે ભજન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ટંકારા નજીક વિડીમાં ત્યજી દેવાયેલ નવજાત બાળકના ગુનાનો ભેદ ઉકેલાયોઃ આરોપી પતિ-પત્નીને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

## ભાભર ગામના દંપતીને ટંકારા તાલુકામાંથી ઝડપી પાડવામાં આવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા તાલુકાના ધુનડા(સ.) ગામ નજીક નવાગામ રોડ લક્ષદીપ કારખાના સામે વિડીમાં ત્યજાયેલ નવજાત બાળકના ગુનાનો ભેદ મોરબી ક્રાઈમ બ્રાંચે ઉકેલી, બનાસકાંઠાના ભાભર ગામના રહેવાસી દંપતીને ઝડપી લેવામાં આવ્યા છે, ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે હ્યુમન સોર્સ તથા ટેક્નિકલ વર્ક કરી બંને આરોપી પતિ પત્નીને ટંકારાના મિતાણા નજીકથી પકડી લઈ આગળની કાર્યવાહી માટે ટંકારા પોલીસ મથકમાં સોંપી આપેલ છે.

ટંકારા પોલીસ સ્ટેશનમાં તા.૨૦ માર્ચના રોજ નોંધવામાં આવેલ ફરિયાદ અનુસાર તા.૧૯ માર્ચના રોજ ધુનડા(સ.) ગામ નજીક નવાગામ રોડ ઉપર આવેલ લક્ષદીપ કારખાનાની સામે વિડીમાંથી એક તાજેતરમાં જન્મેલું પુરૂષ જાતિનું બાળક મળ્યું હતું, જે ત્યજાયેલ હાલતમાં હતું. ત્યારે આ બનાવ અંગે મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ આરોપીઓને પકડી લેવા મોરબી ક્રાઈમ બ્રાંચની ટીમે અલગ અલગ ટીમ બનાવી વિવિધ દિશામાં તપાસ શરૂ કરી હતી.

બાળકના શરીરે પહેરાયેલા ગુલાબી કપડાં પર ભાભર આરોગ્ય કેન્દ્રનું નામ હોવાનું જણાઈ આવતા તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારે ભાભર આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે દક્ષાબેન રમેશભાઈ ઠાકોર અને તેમનો પતિ રમેશભાઈ પ્રેમજીભાઈ ઠાકોર, બંને ભાભર તાલુકા, જીલ્લો બનાસકાંઠાના રહેવાસી છે અને પોતાનું તાજેતરમાં જન્મેલું બાળક ત્યજી દીધું હોવાનું બહાર આવ્યું હતું. જે બાદ હ્યુમન




ઈન્ટેલિજન્સ, ટેકનિકલ વર્ક તથા ખાનગી બાતમીદારોના આધારે આરોપી દંપતી ટંકારા તાલુકાના મિતાણા ગામના બ્રીજ નીચે હોવાની હકીકત મળી આવતા તુરંત ક્રાઈમ બ્રાંચે સ્થળ પર પહોંચી બંને આરોપી રમેશભાઈ પ્રેમજીભાઈ ઠાકોર તથા દક્ષાબેન રમેશભાઈ ઠાકોર રહે. પાણી પુરવઠાની ઓફિસ પાછળ, ભાભર, જી.બનાસકાંઠા વાળાને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે ટંકારા પોલીસ સ્ટેશનના હવાલે કર્યા હતા.

# તથ્યકાંડ જેવી જ બીજી ઘટના બનીઃ બેનાં મોત

## કોડીનાર-સુત્રાપાડા હાઈવે પર અકસ્માત જોવા ઉભેલા લોકોને ડમ્પરે ઉડાડ્યા, સાત ઘાયલ

**મુખ્ય સમાચાર કોડીનાર**

સુત્રાપાડા-કોડીનાર હાઈ-વે પર રાખેજના પાટીયા પાસે રાત્રે ૮ કલાકે ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માતમા થયો હતો જેમા એકને ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માત સ્થળે લોકો એકઠા થયા હતા અને કારમાંથી લોકોને બહાર કાઢી રહ્યા હતા તે દરમિયાન જ એક ટ્રક આ અકસ્માત સ્થળે ઘાસ ભરેલા ટ્રેકટર સાથે અથડાયો હતો અને અથડાયા બાદ ટ્રક અને ટ્રેકટર બંન્ને પલટી મારીને ત્યાં હાજર લોકો પર પડયા હતા જેમા લોકો દબાઈ ગયા હતા જેમા બે વ્યકિતના મૃતદેહ મળ્યા હતા. પાંચથી ૬ લોકોને ૧૦૮મા સારવારમા લઈ જવાયા હતા. હજુ પણ મૃત્યુઆંક વધવાની શકયતા છે. જેસીબી દ્વારા ટ્રેકટર અને







ટ્રકમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.


આ અંગેની માહિતી મુજબ સુત્રાપાડા તાલુકાના રાખેજ ગામના પાટિયા પાસે રાત્રે ૮ કલાકે ઈકો કાર અને મોટરસાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઈકો કાર વેરાવળ તરફથી આવી રહી હતી અને માધવડ બંદર તરફ જઈ રહી હતી ત્યારે રાખેજના પાટિયા પાસે ઈકો કારે બાઈકને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર રહેલા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને વધુ સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઈકોમાં સવાર અન્ય બે મુસાફરોને પણ ઈજા પહોંચી હોવાનું જાણવા મળે છે બાઈક ચાલક રાખેજ ગામના વતની નરેશભાઈ કાનાભાઈ પરમાર હોવાનું ખુલ્યું છે.

આ અકસ્માત બાદ અડધો કલાક બાદ કોડીનાર તરફથી એક ટ્રક અહીં પડેલા એક ટ્રેકટર સાથે અથડાયો હતો અને બાદમા બંન્ને પલટી મારી ગયા હતા જેમાં ત્યાં રહેલા લોકો દબાઈ ગયા હતા. જેમા બે વ્યકિતના મૃતદેહ મળ્યા હતા જે રાખેજ ગામના હોવાનું જાણવા મળ્યું છે. જો કે ટ્રક-ટ્રેકટર હેઠળ વધુ લોકો દબાયાની આશંકા છે અને મૃત્યુઆંક પણ વધી શકે છે. હાલમા જેસીબી દ્વારા દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે.

# જામનગર શહેરમાંથી ૧૭૫૦ ગ્રામ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના ગુલાબનગર નજીક આવેલા સાંઢીયા પુલ નીચે સબ સ્ટેશન પાસેથી પોલીસે એક શખ્સને ૧૭૫૦ ગ્રામ ગાંજા સાથે પકડી પાડ્યો છે. તેણે આ જથ્થો અમદાવાદના શખ્સ પાસેથી લીધો હોવાની કબૂલાત આપી છે. બંને સામે નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.જામનગરના ગુલાબનગર વિસ્તારમાં આવેલા સાંઢીયા પુલ નીચેથી પસાર થતા એક શખ્સ પાસે ગાંજાનો જથ્થો હોવાની બાતમી મળતા સીટી બી ડિવિઝનના પીઆઈ પી.પી. ઝાની સૂચનાથી પીએસઆઈ ડી.જી. રાજ તથા સ્ટાફે વોચ રાખી હતી.તે દરમિયાન ગુલાબ નગરની રામવાડીની શેરી નંબર ત્રણમાં રહેતો હિરેન ગોપાલભાઈ નકુમ નામનો શખ્સ નીકળતા તેને રોકાવી પોલીસે ચેક કર્યો હતો. આ શખ્સ પાસેથી એક કિલો સાડા સાતસો ગ્રામ



ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે અંદાજે રૂ.૧૭૦૫૦ની કિંમતનો ગાંજાનો જથ્થો કબજે કરી હિરેન નકુમની પૂછપરછ કરતા આ શખ્સે અમદાવાદના ચાંદખેડામાં રહેતા શુભ જોશી નામના શખ્સ પાસેથી ગાંજાનો જથ્થો વેચાણ માટે લીધો હોવાની કબૂલાત કરી છે. પોલીસે ગાંજો, રેકઝીનનો થેલો તથા એક મોબાઈલ કબજે કરી બંને શખ્સ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# પંજાબ નેશનલ બેંકે અમરનાથ યાત્રા નું રજીસ્ટ્રેશન કરાવવા આવેલા લોકોને રઝળાવ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

બાબા અમરનાથની યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે, જે ૩૮ દિવસ ચાલશે અને રક્ષાબંધનના દિવસે ૯ ઓગસ્ટે સંપન્ન થશે. બાબા અમરનાથની વાર્ષિક યાત્રા માટે દેશભરમાં ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં એડવાન્સ રજીસ્ટ્રેશન (અગાઉથી નોંધણી)ની તૈયારી પુરી થઈ ગઈ છે. એડવાન્સ રજિસ્ટ્રેશન આજથી એટલે કે ૧૪ એપ્રિલથી શરૂ થવાનું હતુ પણ સરકારી રજાના કારણે આજે મંગળવારથી શરૂ થયું હતું . ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જેમાં પંજાબ નેશનલ બેન્કની ૩૦૯ શાખાઓ, જમ્મુ-કાશ્મીર બેન્કની ૯૧ શાખાઓ યસ બેન્કની ૩૪ શાખાઓ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની ૯૯ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જમ્મુ-કાશ્મીરમાં આ બેન્કોની ૨૦ શાખાઓમાં રજિસ્ટ્રેશન થશે. દેશભરની ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજિસ્ટ્રેશન થશે રાજકોટમાં રજીસ્ટ્રેશન પંજાબ નેશનલ બેંકની શાખામાં શરૂ કરાયું હતું પરંતુ આજે પ્રથમ દિવસે જ સવારમાં અમરનાથ જવા ઈચ્છુક યાત્રીઓને પંજાબ નેશનલ બેંક દ્વારા રજીસ્ટ્રેશન માટે લાઇનમાં ઊભેલા લોકોને પાછા મોકલવામાં આવ્યા હતા . બેંક દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે હવે પછી તમને તારીખ આપવામાં આવશે કાળજાળ ગરમી વચ્ચે લાઇનમાં લોકોને આ રીતે પાછા ધકેલતા રોસ ફેલાયો હતો વધુમાં બેંકના સત્તાવાળાઓ દ્વારા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી.

# આજે મધ્યરાત્રીથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો જોવા મળશે : ૨૨મીએ પુષ્કળમાત્રામાં દેખાશે



ભારત જન વિજ્ઞાન જાથાની યાદીમાં જણાવાયુ છે કે ૧૦૫ દિવસના લાંબા વિરામ બાદ આકાશમાં ફરી ઉલ્કાવર્ષા નિહાળવાનો સમય આવ્યો છે. આજે તા. ૧૫મીના મધ્યરાત્રીથી તા. ૨૯મી સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં દેખાશે. તા. ૨૧ અને ૨૨મીની પરોઢે સૌથી વધુ ઉલ્કાવર્ષા જોવા મળશે. કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાઓ સ્પષ્ટ રીતે પડતી જોવા મળશે. મધ્યરાત્રીના ૧ વાગ્યાથી પરોઢ સુધી ઉલ્કા નિહાળવાનો શ્રેષ્ઠ સમય છે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઇ તથા પર્વતીય વિસ્તારોમાં ઉલ્કા અવલોકન અર્થે પડાવ નાખી તૈયારીઓ આરંભી છે. ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી દ્વારા પણ રાજયભરમાં ઉલ્કા નિરીક્ષણ અને અવલોકન માટે તૈયારીઓ કરાઇ હોવાનું જાથાના રાજયના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યા (મો.૯૮૨૫૨ ૧૬૬૮૯)ની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટના રામકૃષ્ણ આશ્રમે યુવા શિબિરમાં ૪૦૦ યુવાન જોડાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના રામકૃષ્ણ આશ્રમ ખાતે ૧૩ એપ્રિલને રવિવારના રોજ આશ્રમ પરિસરમાં યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનનું ઉદ્દઘાટન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્પલ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વામી નિખિલેશ્વરાનંદજીએ પોતાના સ્વાગત વક્તવ્યમાં જણાવ્યું કે, દેશના સ્વાતંત્ર સેનાનીઓના પ્રેરણા સ્રોત સ્વામી વિવેકાનંદના પુસ્તકો જ હતા. આથી યુવાનો સ્વામીજીના પુસ્તકો વાંચે અને પોતાનું જીવન પરિપૂર્ણ બનાવે. તેમણે સર્વાંગી વ્યક્તિત્વ વિકાસમાં આધ્યાત્મિકતાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. ઉત્પલ જોષીએ યુવાનોને વ્યક્તિગત ચરિત્ર-નિર્માણથી જ રાષ્ટ્ર નિર્માણની સંકલ્પના સમજાવી તથા સખત પરિશ્રમ કરવા પર ભાર મૂક્યો હતો.

લોકપ્રિય સાહિત્યકાર, ગુજરાત સરકારના સેવા નિવૃત્ત આઈ.એ.એસ. ઑફિસર તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહાએ માતૃભાષા અને આપણી સંસ્કૃતિ સાથે જોડાઈ રહીને જીવનમાં ઈચ્છિત લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ કરવા પ્રેરણા આપી. તેમણે નયુવાનથ શબ્દની વ્યાખ્યા આપી અને રમુજી પ્રસંગો દ્વારા સફળતાની ચાવી યુવાનોને સમજાવી. ઉપરોક્ત વક્તાઓ દ્વારા યુવાનોના પ્રશ્નોના જવાબ પણ



આપવામાં આવ્યાં હતાં.આ ઉપરાંત સંમેલનમાં નશાંતિ પ્રાપ્તિના સરળ ઉપાયોથ, નશિક્ષક તો છે રાષ્ટ્રનિર્માતાથ, નમાનવ સેવા એ જ પ્રભુ સેવાથ અને નપ્રાર્થનાથ એમ ચાર પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું, જે ટૂંક સમયમાં આશ્રમના વિવેકાનંદ બુક વર્લ્ડમાં ઉપલબ્ધ થશે. શિબિરમાં ૪૦૦ યુવાન જોડાયા હતા.

# રાજકોટ રૂડાનો બોગસ નકશો સો. મીડિયામાં વાઈરલ

## ખોટી રીતે ૨૪ ગામનો ઉમેરો દર્શાવાયો, રૂડા CEOએ કહ્યું- કાયદેસરની કાર્યવાહી કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (રૂડા)ના નામનો બોગસ નકશો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ નકશામાં રાજકોટ નજીકના ૨૪ નવા ગામને રૂડામાં સમાવેશ કર્યો હોવાનું દર્શાવાયું છે. નકલી નકશો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા બિલ્ડર-આર્કિટેક અને વકીલો પણ દ્વિધામાં મુકાયા છે. નકલી નકશામાં રાતોરાત રૂડાની ચારેય દિશામાં હદનો વધારો કરી દેવામાં આવ્યો છે. જો કે, આ અંગે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું રૂડાનાં સીઈઓએ જણાવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ, કોઈ શખસે રૂડાનો નવો નકશો તૈયાર કર્યો છે. અત્યારે રૂડામાં ૪૮ ગામનો સમાવેશ છે. રૂડાની હદ ૫૧૨ સ્કવેર કિલોમીટર સુધી છે, તેમાં કોઈએ નવા ૨૪ ગામનો ઉમેરો કરી નવો નકશો ફરતો કર્યો છે. આ નકશો ટોચના વિકલ તેમજ આર્કિટેકના ગ્રુપમાં મુકવામાં આવતા વકિલ, બિલ્ડરોએ તપાસ હાથ ધરી છે. અગાઉ વર્ષ ૨૦૦૭માં રૂડાએ નવા ગામોની દરખાસ્ત સરકારમાં કરી હતી, પરંતુ તે નામંજૂર કરી દેવામાં આવી હતી. તે નકશાને મોડીફાય કરવામાં આવ્યો હોવાની શક્યતા છે.

નવા નકશામાં રાજકોટ, પડધરી, કોટડાસાંગાણી, લોધીકા તાલુકાના ગામોનો સમાવેશ રૂડામાં કરી દેવામાં આવ્યો છે. તેમાં મોરબી રોડ ઉપરના કાગદડી, બેડી,



હડાળા, પડધરીના અડબાલકા, ઉકરડા, ડુંગરકા, મોવિયા, રામપર મોટા, ખંભાળા, ઢોકળીયા, ગોંડલ રોડ ઉપરના રીબડા, ગુંદાસરા, અરડોઈ, હડમતાળા, કોટડાસાંગાણી, પીપળીયા, ભુણાવા, હિરાસર, રામપરાબેટી, કુચિયાદળ, સાયપર સહિતના ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સમગ્ર મામલે રૂડાના ઈઊઘ જી. વી.મીયાણીએ જણાવ્યું હતુ કે, બે દિવસથી સોશિયલ મીડિયામાં ફરે છે તે રૂડાનો નકશો નકલી છે. કોઈએ રૂડાના લોગા સાથે નકલી નકશો બનાવ્યો છે. નકલી નકશામાં રાજકોટ નજીકના અમુક વધારાના ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખરેખર તે ગામનો રૂડા સમાવેશ કરવામાં આવ્યા નથી કે આવી કોઈ દરખાસ્ત સરકારમાં કરવામાં આવી નથી. ત્યારે આ પ્રકારનું કૃત્ય કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસમાં અરજી કરવામાં આવી છે. ટૂંક સમયમાં આ બોગસ નકશો ફરતો કરનાર વ્યક્તિને શોધીને કડક પગલાં લેવામાં આવશે.

# આજે સાંજથી સર્વેશ્વર ચોક પાસેનો ડો.યાજ્ઞીક રોડ ચાર માસ બંધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોક વોકળા દુર્ઘટના બાદ તંત્ર દ્વારા પાણીનો પ્રવાહ પ્રવાહ પૂર્વવત કરવા માટે વોકળા પર નવો સ્લેબ તૈયાર કરવાની શરૂઆત કરી છે જે અંતર્ગત યાજ્ઞિક રોડ નીચેથી પસાર થતાં વોકળાને વાળવા માટે રોડ બંધ કરવાની જરૂરિયાત ઊભી થતા તંત્રએ આજે મંગળવારથી સર્વેશ્વર ચોક પાસેનો રોડ ચાર માસ માટે બંધ કરવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.


રાજકોટ શહેર વોડ નં.૭માં આવેલા સર્વેશ્વર ચોકથી ડો.યાજ્ઞિક રોડને જોવતા હૈયાત વોકળો ડાયવર્ઝન કરી નવું બોકસ કલ્વર્ટ બનાવવાના કામ સર્વેશ્વર ચોકમાં પૂર્ણતાની નજીક હોય, હવે ટુંક સમયમાં રાજકોટ નાગરિક બેંક પાસે ડો.યાજ્ઞિક રોડ પર કામ શરૂ કરવાનું થાય છે. જે અંગે ડો.યાજ્ઞિક રોડ પર સરદારનગર મેઈનરોડથી ન્યુ જાગનાથ શેરી નં.-૨૦ સુધીનો રોડ પર વાહનોની અવર જવર માસ-૪ સુધી બંધ કરવાની જરૂરીયાત હોય, જેથી વાહનોની ડો.યાજ્ઞિક રોડ પર માલવીયા ચોકથી રેસકોર્સ તરફ અવર-જવર માટે આ મુજબના વૈકલ્પિક રસ્તાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સર્વેશ્વર ચોક ખાતે આવેલ બંને સાઇડના રસ્તા પર ૫૦-૫૦ મીટર રોડ બંધ કરવામાં આવશે. એના સિવાય યાજ્ઞિકરોડ ઉપર વાહનોની અવર-જવર ચાલુ રહેશે.

સર્વેશ્વર ચોકની આસપાસની દુકાન/ઓફીસ વગેરેનું પાર્કિંગની અલાદી વ્યવસ્થા કરવામાં આવશે.અને વ્યપારી તેમજ ગ્રાહકો માટે અવર - જવર માટે રસ્તો ચાલુ રહેશે. અને ત્યા ગાડીઓ પાર્કિંગ કરી શકાશે.

રેસકોર્ષથી માલવીયા ચોક તરફ આવતા મોટર વ્હીકલ જેવા કે, એસ.ટી. બસ તથા પ્રાઈવેટ લકઝરી તથા લાઈટ મોટર વ્હીકલ જેવા કે, કાર એમ્બ્યુલન્સ વિગેરે વાહનોની અવર જવર બહુમાળી ભવનથી જિલ્લા બેન્ક ભવન ચોક થી જ્યુબેલી ગાર્ડન ચોક થઈ જવાહરરોડ પરથી ત્રિકોણબાગ સર્કલ તરફ માલવીયા ચોક જઈ શકશે.

રેસકોર્ષથી માલવીયા ચોક તરફ આવતા મોટર વ્હીકલ જેવા કે, એસ.ટી. બસ તથા પ્રાઈવેટ લકઝરી તથા લાઈટ મોટર વ્હીકલ જેવા કે, કાર એમ્બ્યુલન્સ વિગેરે વાહનોની અવર જવર બહુમાળી ભવનથી જિલ્લા બેન્ક ભવન ચોક થી જયુબેલી ગાર્ડન ચોક થઈ જવાહરરોડ પરથી ત્રિકોણબાગ સર્કલ તરફ માલવીયા ચોક જઈ શકશે. રેસકોર્ષથી માલવીયા ચોક તરફ આવતા ટુ-વ્હીલર્સ તથા થ્રી-વ્હીલરની અવર જવર જિલ્લા પંચાયત ચોકથી ફુલછાબ ચોક થઈ મોટી ટાકી ચોક લીબડા ચોકથી પસાર થઈને ડો.રાજેન્દ્રપ્રસાદ રોડ (શાષી મેદાન અને રાજકુમાર કોલેજ વચ્ચેનો રસ્તો) પરથી પસાર થઈને માલવીયા ચોક તરફ જઈ શકશે.



ડો.યાજ્ઞિક રોડથી રેસકોર્સ તરફ આવતા બધા જ પ્રકારના વાહનોની અવર જવર ડો.દસ્તૂર માર્ગ પરથી એસ્ટ્રોન ચોક થઈને મહિલા કોલેજ ચોક તરફથી કિશાનપરા ચોક થઈને જિલ્લા પંચાયત ચોક તરફ જઈ શકશે. (નોંધ ડો.દસ્તુર માર્ગ હાલ વન-વે હોય ઉપરોકત વિષયમાં દર્શાવેલ કામપુર્ણ ન થાય ત્યા સુધી ટુ-વે કરવામાં આવે છે.

ડો.યાજ્ઞિક રોડ થી રેસકોર્સ તરફ આવતા બધા જ પ્રકારના વાહનોની અવર જવર શ્રી રામકળષ્ણ આશ્રમથી ડો.યાજ્ઞિક રોડ ઉપર હાઈસ્ટ્રીટ બિઝનેસ થી ડાબી તરફ શ્રી સ્વામિવિવેકાનંદ માર્ગ પર રામકળષ્ણનગર શેરી નં-૧૦ પરથી પસાર થઈ વિરાણી હાઈસ્કુલ પાસેથી જમણી તરફ ટાગોર રોડ પર થઈને એસ્ટ્રોનચોક -મહિલા કોલેજ-કિશાનપરા ચોકથી જિલ્લા પંચાયત ચોક સુધી જઈ શકાશે.

# રાજકોટ મનપા દ્વારા ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવીઃ રકતદાન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**




૧૪ મી એપ્રિલ ૧૯૪૪ ના રોજ ઈંગ્લેન્ડથી આવેલા અને મુંબઈના વિકટોરીયા ડોકયાર્ડમાં લંગારેલા એસ.એસ.ફોર્ટ સ્ટાઈકીન નામના સ્ટીમરમા ભયંકર ધડાકા સાથે આગ લાગેલ હતી,આ આગ બુઝાવવાની કામગીરી દરમ્યાનમુંબઈ ફાયર સર્વિસના ૬૬ જવાનોએ લોક સલામતી કાજે પોતાના જાનની પરવાહ કર્યા વગર દેશની માલ મિલકતનું રક્ષણ કરવા પોતાની જાતનું બલિદાન આપ્યુ હતું. આ વિનાશક બનાવને નજર સમક્ષ રાખી ભારત સરકારના ગૃહ મંત્રાલય તથા ફાયર એડવાઈઝરી કમિટી દ્વારા ભારતભરમા આ દિવસને ફાયર સર્વિસ ડે તરીકે ઉજવણી થાય અને મુંબઈ ડોકયાર્ડમા આગ વિસ્ફોટની વિનાશક ઘટનામા શહિદ થયેલ જવાનો ઉપરાંત દેશની તમામ ફાયર સર્વિસમા વર્ષ દરમ્યાન પોતાની જાનની પરવાહ કર્યા વગર અન્યની જાન બચાવતા દેશના ફાયર જવાનોને પણ આ વિશે ૨ (બે) મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામા આવે છે. તેમજ લોકોને આગ – અકસ્માત વિશે વિશેષ જાણકારી મેળવે અને સાવચેતી માટે પુરતા પ્રયત્ન કરે તે માટે કાર્યક્રમો તમામ ફાયર સર્વિસીઝ દ્વારા લોક જાગૃતિ અને લોક શિક્ષણ ના કાર્યક્રમો કરવામા આવે છે. જેના ભાગરૂપેઆજેરાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાયર સર્વિસ ડે નિમીત્તે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહિદ દિનની ઉજવણી કાલાવડ રોડ ફાયર સ્ટેશન ખાતે તમામ ફાયર સ્ટાફ દ્વારા બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામા આવેલ. આ ઉપરાંત ફિલ્ડ માર્શલ બ્લડ બેન્કના સહયોગથી રાજકોટ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા રકતદાન કેમ્પ સફળ રીતે પુર્ણ કરેલ હતો.

ઉપરોકત કાર્યક્રમમા ડેપ્યુટી મેયરનરેન્દ્રસિંહ જાડેજા, મ્યુનિસિપલક મિશનરતુષારસુમેરા, શાસકપક્ષદંડક મનીષભાઈરાડીયા, અગ્નિશામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, નાયબમ્યુનિસિપલકમિશરમહેશજાની, ચેતનનંદાણી, એચ.આર.પટેલ, સહાયકકામિશર બી.એલ.કાથરોટિયા, ચીફ ફાયર ઓફિસરઅમિતદવેતથાડે.ચીફ ફાયર ઓફિસર, તમામ સ્ટેશન ઓફિસરઓ,સબ ફાયર ઓફિસર,તેમજ તમામ ફાયર સ્ટાફ હાજર રહેલ.

# ટેકનોલોજીના સ્પર્શથી ખેતીમાં આવ્યો હર્ષ : ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના વ્યાપમાં સતત વધારો

## ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને વધુ નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે જ, વર્ષ ૨૦૦૫માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની (GGRC)ના માધ્યમથી સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલમાં મૂકી હતી. ખેડૂતો પાણીના માર્યાદિત ઉપયોગથી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફૂવારા, રેનગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે.

પાણીના ઓછા સ્રોત વચ્ચે સૂક્ષ્મ સિંચાઈથી આશરે ત્રણ ગણો પિયત વિસ્તાર વધારી શકાય છે. એટલે જ, છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ અને સૂક્ષ્મ સિંચાઈ ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો સતત વધી રહ્યો છે. વર્ષ મે-૨૦૦૫ થી માર્ચ-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૫.૭૬ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. આ ૧૫.૭૬ લાખ જેટલા ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ. ૮,૮૬૪.૨૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારનો ફાળો રૂ. ૫૫૩૮.૭૮ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૩૩૨૫.૪૭ કરોડ છે.

**સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં ગુજરાતની હરણફાળ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ જેવી અદ્યતન પદ્ધતિ અપનાવવાની દિશામાં ગુજરાતે હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૧.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં પણ આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો. આ માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫.૪૨ કરોડની સહાય આપવામાં આવી છે, જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯.૪૨ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે.

**સૂક્ષ્મ સિંચાઈમાં બનાસકાંઠા પ્રથમ ક્રમે**

સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરેલ વિસ્તારની દૃષ્ટિએ ૪.૭૭ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને, ૧.૮૧ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થાને તેમજ ૧.૩૨ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે.

**મધ્યમ વર્ગના ખેડૂતોએ આપ્યો સૂક્ષ્મ સિંચાઈને વેગ**

આ ઉપરાંત ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં રાજ્યના માધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૮,૬૧,૮૩૩ મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. જ્યારે, રાજ્યના ૪,૮૩,૯૨૨ નાના ખેડૂતોએ ૫.૭૫ લાખ હેક્ટર વિસ્તારમાં, ૧,૭૬,૬૩૯ સીમાંત ખેડૂતોએ ૧.૧૯ લાખ હેક્ટર વિસ્તારમાં અને ૫૩,૬૨૨ મોટા ખેડૂતોએ ૧.૪૫ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને જળ સંચય અભિયાનને પણ વેગ આપ્યો છે.

**મગફળી માટે ૧૦.૭૬ લાખ હેક્ટરમાં અપનાવી સૂક્ષ્મ સિંચાઈ**

ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલા કુલ ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તાર પૈકી ૨૦.૦૨ લાખ હેક્ટર વિસ્તારમાં ખેતી પાકો માટે તેમજ ૪.૩૨ લાખ હેક્ટર વિસ્તારમાં બાગાયતી પાકો માટે ખેડૂતો દ્વારા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

મુખ્ય ખેતી પાકોમાં મગફળી માટે ૧૦.૭૬ લાખ હેક્ટર, કપાસ માટે ૭.૩૫ લાખ હેક્ટર અને શેરડી માટે ૦.૧૬ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે. જ્યારે, બાગાયતી પાકોમાં બટાટા પાક હેઠળ ૨.૧૧ લાખ હેક્ટર, કેળ પાક હેઠળ ૦.૩૨ લાખ હેક્ટર, આંબા પાક હેઠળ ૦.૧૮ લાખ હેક્ટર અને શાકભાજી પાકો હેઠળ ૦.૮૪ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે.

**ખેડૂત શક્તિ પોર્ટલ**

ગુજરાતના ખેડૂતો પોતાના ખેતરમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ ઘરે બેઠા જ પ્રી-રજીસ્ટ્રેશન કરાવીને અપનાવી શકે છે. પ્રી-રજીસ્ટ્રેશન માટે ખેડૂત પોતાનું પુરૂ નામ - જિલ્લો - તાલુકો - ગામના ફોર્મેટમાં લખીને GGRCના મોબાઈલ નંબર ૯૭૬૩૩૨૨૨૧૧ પર જખજ કરીને નોંધણી કરી શકે છે. આ ઉપરાંત GGRCની વેબસાઈટ khedut.ggrc.co.in ઉપર જઈને ખેડૂતો વિગતો દાખલ કરીને નોંધણી કરી શકે છે. અરજીની પૂર્વ નોંધણી



બાદ GGRCના માન્ય સપ્લાયર્સ આગળની કાર્યવાહી કે માર્ગદર્શન માટે ખેડૂતોનો સંપર્ક કરશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

